Celebrating
*Decade of Dedication*

# सुतीर्थ

।। न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।।

**Indian Institute of Teacher Education, Gandhinagar ♦ Year : 2 ♦ Issue : 3 ♦ Month: December, 2020**



# સંસ્કૃતિનું રક્ષણ
# આધુનિકતાનું આહ્વાન



सुतीर्थ

**IITE inhouse magazine for private circulation only**

Indian Institute of Teacher Education, Gandhinagar

**Volume : 2 • Issue : 3 • December, 2020**

**"**

**Never err from Truth,**
**Never err from Dharma,**
**Never neglect your well-being,**
**Never neglect your health,**
**Never neglect your prosperity,**
**Never neglect Svādhyāya and Pravacana .**

**"**

**—Taittirīya Upanishad**



આર્ટ ઈન એજ્યુકેશન વર્કશોપનું ઉદ્‌ઘાટન સત્ર

1 કુલપતિશ્રીનો સંદેશ ........ 03

2 શિક્ષકની ભ્રામક માન્યતાઓ........ 04

3 અર્થચ્છાયા - સમાનાર્થી શબ્દો વચ્ચેની પાતળી અસમાનતા........ 06

4 ભારતીય પરંપરામાં દીક્ષાંત સમારોહ........ 08

5 શિક્ષણની આરાધનાથી વ્યક્તિ નિર્માણની સાધના તરફ ........ 11

6 Sailing through the odds to fulfil the social responsibility ........ 17

7 Chanakya Award - A Celebrating the Spirit of Teacher Education ........ 19

8 Art for Education Sake ........ 20

9 "સમસ્યાનું સુવિધા સાથે સમાધાન એટલે સ્ટાર્ટ અપ" Now Streaming .21

10 ANGIRA -IITE's Classroom without walls........ 22

11 ગણિતના શિક્ષક ફાધર વાલેસ ગુજરાતી કેવી રીતે શીખ્યા? ........ 23

12 ભારતીય જ્ઞાન પરંપરાની પ્રજ્ઞાપીઠો........ 24

## Editor

**Paras K. Jha**
(Public Relation & Publication Officer)

**Editorial Team**
Dr. Dipika Patel
Dr. Archana Patel
Dr. Rushi Joshi
Dr. Swarnabharati

**Coordination**
Ms. Hiral Jani

**Design :** Ranmal Sindhav

**iitegandhinagar**

**Publisher**
**The Registrar,**
**Indian Institute of Teacher Education**
Ramkrushna Paramhans Vidhya Sankul
Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat) India
Phone : +91-79-23287338, 23243733/34, Email : publication@iite.ac.in, Web : www.iite.ac.in



# કુલપતિશ્રીનો સંદેશ

**વહાલા વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો,**

આપની પાસે જ્યારે સુતીર્થનો આ અંક પહોંચશે ત્યારે તમે વર્ષ 2021ના પ્રથમ સપ્તાહમાં આખા વર્ષમાં શું કરવું તેના આયોજનમાં હશો. વીતી ગયેલાં 2020ના વર્ષે સમગ્ર વિશ્વએ તેના પ્રારંભમાં કરેલા આયોજનોને કોરોના મહામારીની થપાટથી વિખેરી નાખ્યા હતા એટલે આ વર્ષે ઘણા મિત્રો વર્ષ 2021ના ભાવિ આયોજનોમાં પણ અનિશ્ચિતતાનો અવકાશ રાખશે તેમ લાગે છે.

જોકે, દિવાળી પછી ગુજરાતમાં ફરી એકવાર માથું ઉચકી ચૂકેલી મહામારીની અસર પણ ડિસેમ્બરના અંત સુધીમાં ઓછી થઈ ચૂકી હતી. સખત ઠંડી અને મહામારીની શુષ્કતા વચ્ચે પણ શિયાળુ વસાણા, પહેરવાં ગમે તેવા ગરમ વસ્ત્રોની સાથે શારીરિક અને માનસિક વ્યાયામ જીવનના થર્મોમીટરમાં હુંફ અને ઉત્સાહનો પારો તો ઊંચો જ રાખે છે.

ડિસેમ્બરમાં આઈઆઈટીઈમા ખૂબ જ નોંધપાત્ર પ્રવૃત્તિઓ થઈ છે. ખાસ કરીને ડિસેમ્બરની શરૂઆતના પખવાડિયામાં જ 'આર્ટ ઇન એજ્યુકેશન' વર્કશોપ થયો. આ ઉપરાંત શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રમાં અનોખા વિચારોને વ્યવહારુ અને બજારને અનુકૂળ કરવાના પ્રકલ્પ હેઠળ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી (એસએસઆઈપી) નો લાભ શિક્ષક પ્રશિક્ષણ જેવા બૌદ્ધિક અને ચેતનાના સ્તરે કામ કરતા ક્ષેત્રમાં કેવી રીતે લઈ શકાય તે સંદર્ભે એક દિવસના સેમિનારનું પણ આયોજન થયું, જેમાં આઈઆઈટીઈ સંલગ્ન સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તેનો લાભ કેવી રીતે લઈ શકે તેનું માર્ગદર્શન પણ થયું.

ડિસેમ્બરના બીજા પખવાડિયામાં આઈઆઈટીઈએ પ્રત્યક્ષ સ્વરૂપે પદવીદાન સમારંભ કરવાનું આયોજન કર્યું અને તેને આઈઆઈટીઈની ટીમે ઉમળકાથી વધાવી લીધું. એટલું જ નહીં, ઝીણવટભરી ચીવટ રાખી સમગ્ર સમારોહ શ્રેષ્ઠ રીતે સંપન્ન થાય તે સુનિશ્ચિત કર્યું. મને વિશ્વાસ છે કે, આઈઆઈટીઈના આ ત્રીજા પદવીદાન સમારોહમાં પદવીઓ મેળવનારા સંસ્થાના વિદ્યાર્થીઓ માટે આ સમારોહની વ્યવસ્થા અને આયોજન જીવનભરની યાદ બની રહેશે. પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓની યુવા ઊર્જા અને માન. કુલાધિપતિ અને ગવર્નરશ્રી, શિક્ષણમંત્રીશ્રી, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ઉપરાંત રાજ્યની બાર યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની ઉત્સાહજનક ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણમાં રંગતનો ઉમેરો કર્યો.

આઈઆઈટીઈની સતત પ્રગતિ માટેના આયોજનોને વર્ષ 2020માં કોવિડ-19ની મહામારી પણ અસર નહોતી કરી શકી. તેનો શ્રેય યુનિવર્સિટી તથા શિક્ષક પ્રશિક્ષણના કાર્યને ઉત્કૃષ્ટતાએ લઈ જવાના આ કર્મયજ્ઞમાં યુનિવર્સિટી તથા સંલગ્ન સંસ્થાઓના તમામ પ્રતિબદ્ધ અધ્યાપકો, અધિકારીઓ અને કર્મચારીઓના યોગદાનને કારણે એ શક્ય બન્યું છે. જેમ માળામાં પ્રત્યેક મણકાનું આગવું સ્થાન અને મૂલ્ય હોય છે, એ જ રીતે વહીવટી વ્યવસ્થાઓમાં પણ પ્રત્યેક વ્યક્તિની વિશિષ્ટતા અને જરૂરિયાત હોય જ છે, અને જ્યારે કોઈ કાર્ય માટે અધ્યાપકો, અધિકારીઓ અને કર્મચારીઓ જેવા શબ્દોની ભેદરેખાઓ ભૂંસાઈને માત્ર શબ્દો બનીને જ રહી જાય ત્યારે એક ટીમ બને છે, અને ટીમ આશ્ચર્યચકિત કરે તેવા પરિણામો પણ સિદ્ધ કરે છે.

હવે જ્યારે 2021નું વર્ષ શરૂ થઈ ચૂક્યું છે, ત્યારે પણ શિક્ષક પ્રશિક્ષણને વરેલી આ યુનિવર્સિટીની પ્રગતિના ભાવિ આયોજનોને વધુ ગતિ મળશે એ નિશ્ચિત છે. કારણ કે જેમ કોવિડની મહામારીનું સમાધાન પણ દુનિયાભરના વૈજ્ઞાનિકોએ પડકારજનક સ્થિતિમાં એક ટીમની જેમ કામ કરીને શોધી કાઢ્યું છે, તેવી જ રીતે અશક્ય લાગતા કોઈપણ કામને જો એક ટીમ તરીકે હાથમાં લઈએ સફળતા નિશ્ચિત છે. વર્ષ 2021માં પણ આઈઆઈટીઈ માટે અનોખા આયોજનો મનમાં આકાર લઈ રહ્યા છે અને એવો વિશ્વાસ છે કે વર્ષ 2020 જેવા મુશ્કેલ સમયમાં પણ યુનિવર્સિટીએ મોટાભાગના આયોજનો સિદ્ધ કર્યા એ જ રીતે આ નવા વર્ષમાં પણ નવા આયોજનો ટીમવર્કથી સિદ્ધ કરીશું. બોલો છોને તૈયાર...

**ડૉ. હર્ષદ પટેલના જયહિંદ**



# શિક્ષકની ભ્રામક માન્યતાઓ

**ડો.પારસ દિ. ઉચાટ**
**આસિ. પ્રોફેસર, IITE**

શિક્ષક જેમ જેમ અનુભવ મેળવતો જાય છે તેમ તેમ તેનામાં શિક્ષક તરીકેની કેટલીક ક્ષમતાઓ પણ વિકાસ પામે છે. શિક્ષક વિષયવસ્તુના સંદર્ભમાં તેમજ અધ્યાપન ક્ષમતાના સંદર્ભમાં વધુ ને વધુ સમૃદ્ધ બને છે. આ ઉપરાંત શિક્ષક તરીકેની વિકાસયાત્રામાં તેનામાં કેટલીક ખોટી માન્યતાઓ પ્રવેશે છે અને વિકાસ પણ પામતી જાય છે. આ ખોટી માન્યતાઓ વિદ્યાર્થીને, શિક્ષણ પ્રક્રિયાને તેમજ તેને ખુદને પણ નુકસાનકારક બને તે સંભવ છે. આવી કેટલીક ભ્રામક માન્યતાઓના સંદર્ભમાં ચર્ચા કરીએ.

**"૩૩% હોશિયાર, ૩૩% મધ્યમ અને ૩૩% નબળા વિદ્યાર્થીઓ હોય છે."**

શિક્ષકો દ્વારા સર્વ સામાન્ય, પરંતુ બહુ જોખમી એવી આ માન્યતા છે. જેમાં વિદ્યાર્થીઓને ઉપર મુજબ વર્ગીકૃત કરી તેના આધારે શિક્ષણ આયોજન થતું હોય છે. પ્રખર શિક્ષણશાસ્ત્રીઓ કે મનોવૈજ્ઞાનિકોનાં મતે આ વાતમાં કોઈ તથ્ય નથી. પ્રભુત્વ અધ્યયન (Mastery Learning)નાં સિદ્ધાંત પ્રમાણે બે પ્રકારના વિદ્યાર્થીઓ હોય છે.

૧. ઝડપી શીખનાર વિદ્યાર્થી ૨. ધીમે શીખનાર વિદ્યાર્થી

જો ધીમે શીખનારા વિદ્યાર્થીને, તેમને જરૂરી હોય તેટલો સમય અને વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિઓ પૂરી પાડવામાં આવે તો તેઓ ઝડપી શીખનારા વિદ્યાર્થીની જેમ જ ઊંચી સિદ્ધિ હાંસલ કરી શકે છે.

**"અધ્યાપનની તૈયારી માટે પાઠ્યપુસ્તક જ ઉપયોગી છે."**

વિષયવસ્તુ શીખવવા માટે શિક્ષક પાઠ્યપુસ્તકને એકમાત્ર ઉપયોગી સ્રોત માને છે. અને તેના આધારે જ પોતાના અધ્યાપનની તૈયારી કરે છે. ખરેખર તો સંબંધિત વિષયવસ્તુને અનુરૂપ અન્ય સંદર્ભ પુસ્તકોનો પણ શિક્ષકે પોતાની તૈયારી માટે ઉપયોગમાં લેવા જોઈએ જેથી વિષયવસ્તુ અંગેની પોતાનામાં સ્પષ્ટતા વધશે. સાથેસાથે વિદ્યાર્થીઓને પણ સારી રીતે શીખવી શકાશે.

**"હોંશિયાર વિદ્યાર્થીઓ જ વર્ગ-અધ્યાપનને મૂલવી શકે છે."**

વર્ગખંડમાં શિક્ષણ કાર્ય પૂરું થતાં, શિક્ષક મોટેભાગે તેના

દ્વારા થયેલ અધ્યાપન કાર્યનું આકલન કે પુરાવા મેળવતા હોય છે. આ માટે તેઓ માત્ર હોંશિયાર વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછાતા હોય છે. જે ખરેખર ઘણું અધુરું છે કારણકે અધ્યાપનની સફળતાનો મોટાભાગનો આધાર નબળા વિદ્યાર્થીઓ કેટલું શીખી શક્યા છે તેના પર હોય છે.

**"શિક્ષકે માત્ર વિષય શિક્ષણનું જ કામ કરવાનું હોય છે."**

આદિકાળથી ચાલી રહેલી આપણી શિક્ષણ વ્યવસ્થામાં, સમાજની શિક્ષક પાસે ઘણી ઊંચી અપેક્ષા હોય છે. જે માત્ર બાળકને વિષયલક્ષી જ્ઞાન આપવા પૂરતું સિમિત નથી. પરંતુ, બાળકને આદર્શ નાગરિક બને અને સમાજનો વિકાસ કરી શકે તે પણ હોય છે.

વિદ્યાર્થીઓ વિષયવસ્તુ શીખે એ જ દિશામાં શિક્ષક પોતાની પ્રવૃતિઓ આયોજિત કરે છે. વિદ્યાર્થીઓમાં જરૂરી નૈતિક મૂલ્યો વિકાસ પામે એ તરફ શિક્ષકનું બહુ ઓછું ધ્યાન હોય છે.

**"અભ્યાસક્રમ પૂર્ણ કરવો એ જ અમારું કામ છે."**

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાની સફળતાનો મુખ્ય આધાર વિદ્યાર્થીઓમાં જ્ઞાન પ્રસ્થાપિત કરવાનો હોય છે. આ પ્રક્રિયા દ્વિ-પક્ષીય હોવાથી શિક્ષક દ્વારા કરાયેલ કાર્યનું વિદ્યાર્થી દ્વારા કરવામાં આવતું અનુવર્તી કાર્ય પર દેખરેખ રાખવાનું કે નિરીક્ષણ કરવું એ ખૂબ જ અગત્યનું બની રહે છે. જેનાથી વિદ્યાર્થીએ જરૂરી જ્ઞાન મેળવેલ છે કે નહીં તેની ચકાસણી થઈ શકશે. આવી માન્યતાથી શિક્ષક દ્વારા અભ્યાસક્રમ પૂર્ણ કરવો એ માત્ર અડધી સફળતા થશે જ્યારે તેના દ્વારા કરવામાં આવતું અનુવર્તી કાર્યનું નિરીક્ષણ એ પૂર્ણતા તરફ લઈ જશે.

**"આકર્ષક સાધન સામગ્રીઓનો ઉપયોગ કરીએ તો જ શિક્ષણ કાર્ય સફળ બને."**

શિક્ષણ સાધન સામગ્રી (Teaching Aids) એ અધ્યયન અધ્યાપન પ્રક્રિયાનું અગત્યનું પાસું છે. યોગ્ય સમજણ સાથેનો તેનો ઉપયોગ શિક્ષણ કાર્યને સારું બનાવી શકે છે. પરંતુ, ઘણીવખત શિક્ષક આકર્ષક શિક્ષણ સાધન સામગ્રીનાં ઉપયોગને જ વધુ મહત્ત્વ આપે છે. પરંતુ, તેના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુ નો ખ્યાલ સ્પષ્ટ થઈ શકે છે કે કેમ થઈ અથવા શૈક્ષણિક હેતુઓ સિદ્ધ થઈ શકે કે કેમ તે ધ્યાનમા લેવાતું નથી. જેથી શિક્ષણકાર્ય અસરકારક બનતું નથી.

**"શૈક્ષણિક વહીવટી કાર્યો શિક્ષક વ્યવસાયના ભાગરૂપ નથી."**

મોટેભાગે શિક્ષકોમાં આ માન્યતા પ્રવર્તતી હોય છે. જેમાં શૈક્ષણિક વહીવટી કાર્યો જેવાકે આંતરિક કે બાહ્ય મૂલ્યાંકન, પરિક્ષણ કે નિરીક્ષણ, વિદ્યાર્થી વિષયક વિવિધ પત્રકો , વિદ્યાર્થી પ્રવેશ જેવા કાર્યોનો સમાવેશ થતો હોય છે.

શિક્ષક વ્યવસાય એ અન્ય વ્યવસયો કરતાં ઘણો અલગ છે.




જેમાં જ્ઞાન સંવર્ધનની સાથે સાથે કૌશલ્યોનું પ્રત્યર્પણ અને શિક્ષણ વ્યવસ્થા પણ શિક્ષકના કાર્યક્ષેત્રમાં સમાવેશ હોય છે. આથી વર્ગશિક્ષણ તેમજ શૈક્ષણિક વહીવટ બંને અગત્યના બની રહે.

**"દર વર્ષે ભણાવવામાં આવતા વિષયને પુનઃ તૈયાર કરવાની જરૂર નથી."**

શિક્ષક દ્વારા એક જ વિષયને લાંબા સમયથી ભણાવવાનાં અનુભવ પરથી તે વિષય પરનું તેનું પ્રભુત્વ મેળવે છે. ત્યારબાદ વિષયને ભણવા માટે તેની તૈયારીની જરૂર નથી જણાતી તેવું શિક્ષક માનવા લાગે છે. વિષય પરનું પ્રભુત્વ મેળવવું એ એક સારી બાબત છે, પરંતુ વર્ગખંડ જતા પહેલાં, તે વિષયની તૈયારીની જરૂર નથી તે માન્યતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક માટે હાનિકારક છે. કારણકે ઘણી વખત પૂરતી તૈયારી વગર ભણાવવામાં જે તે વિષયની વિષયવસ્તુઓની બાબતો ઘટતી જાય કે ઝડપથી પૂરી થતી જાય છે.

શિક્ષણ વ્યવસાયના લાંબા અનુભવ અને અવલોકનથી આ બાબતો જોઈ શકાય છે. આવી સામાન્ય જણાતી પણ અતિ ગંભીર અસર ધરાવતી ભ્રામક માન્યતાઓથી શિક્ષક અવગત થશે ત્યારે ખરા અર્થમાં અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સંપન્ન થતી જણાશે. અત્રે દર્શાવેલી ભ્રામક માન્યતાઓ ઉપરાંત અન્ય ખોટી માન્યતાઓ શિક્ષકોમાં ઉદ્ભવતી હોઈ શકે છે.




# અર્થચ્છાયા - સમાનાર્થી શબ્દો વચ્ચેની પાતળી અસમાનતા

**- ડૉ. અર્ચના પટેલ,**
**આસિ. પ્રોફેસર, આઈઆઈટીઈ**

આપણે પ્રાથમિક શાળાથી ભણતા આવ્યા છીએ તેવો વ્યાકરણનો મુદ્દો તે - સમાનાર્થી શબ્દ

આમ તો પાઠ્યપુસ્તકમાં આવતા શબ્દોના બે-બે સમાનાર્થી લખી નાખીએ એટલે બે કે ત્રણ માર્ક્સ રોકડા આપણે મન સમાનાર્થી શબ્દોની કિંમત આટલી જ છે. પણ ખરેખર વિચારો તો ભાષામાં વપરાતા શબ્દોની સાથે તેનો આગવો અર્થ જોડાયેલો હોય છે. શબ્દનો અર્થ એટલે શબ્દનો ભાષા સમાજમાં થતો જુદા જુદા સંદર્ભે વપરાશ.

ઉદાહરણ તરીકે ગુજરાતી ભાષા સમાજમાં વ્યક્તિને જન્મ આપનાર સ્ત્રીના સંદર્ભમાં 'મા' શબ્દ વપરાય છે. હવે આપણને આ શબ્દની સાથે માતા, જનની, જનેતા જેવા તેના સમાનાર્થી પણ યાદ આવવાના. સાર્થ ગુજરાતી જોડણીકોશ 2008ના પાના નંબર 655 ઉપર 'મા'ના અર્થમાં લખ્યું છે - માતા, બા (પહેલાં મને બા કહીને બોલાવતા), માતા અને જનની શબ્દ સંસ્કૃતમાંથી આવેલા છે. તે આપણે સૌ જાણીએ છીએ. એટલે સંસ્કૃત બોલનાર ભાષા સમાજ વ્યક્તિને જન્મ આપનાર સ્ત્રીના સંદર્ભમાં માતા અથવા જનની શબ્દ વાપરે છે. એટલે માના આપણને સાથે મા, માતા, જનની, જનેતા આ સમાનાર્થી મળ્યા.

હવે આપણે વિચારીએ કે આ ત્રણેય સમાનાર્થી શબ્દોને પોતાની આગવી અર્થછાયા છે,

દાખલા તરીકે

1) .......... એ .......... બીજા બધા વગડાના વા.

2) .......... ની જોડ સખી નહીં જડે રે લોલ.

3) હું દરરોજ .......... પિતાને પ્રણામ કરું છું.

હવે આ ખાલી જગ્યાઓમાં મા, માતા, જનનીમાંથી યોગ્ય શબ્દ મૂકવાનું કહેવામાં આવે તો - ગુજરાતી ભાષા તરીકે તમે પહેલી ખાલી જગ્યામાં મા બીજી ખાલી જગ્યામાં જનની અને ત્રીજી ખાલી જગ્યામાં માતા શબ્દ મૂકશો.

હવે વિચારો કે તમે પહેલી ખાલી જગ્યા માની જગ્યાએ જનની કેમ ન મૂક્યું? કે પછી માતા કેમ ન મૂક્યું? એક શિક્ષક તરીકે આપણે આપણા બાળકને આવા સમાનાર્થી લાગતા શબ્દો વચ્ચે પણ સૂક્ષ્મ ભેદ રહેલો છે તે બતાવવાનું છે. આ જ થઈ શબ્દોની આગવી અર્થચ્છાયા. આ સમાનાર્થી શબ્દોને પર્યાય તરીકે પણ ઓળખવામાં આવે છે. દરેક ભાષામાં આવા પર્યાયકોશ મળતા હોય છે. શબ્દો વિશે વધુ જાણકારી મેળવવા આવા કોશનો ઉપયોગ કરી શકાય.

કોશની સાથે સાથે ગુજરાતી ભાષક તરીકે તમારા મનમાં આગવો અર્થ છે જ, પણ થોડું ઝીણું વિચારવાની જરૂર છે. આપણે એક બીજું ઉદાહરણ જોઇએ.

1) ગરીબોનું .......... ચૂસીચૂસીને એકઠી કરેલી સંપત્તિ વિપત્તિનું કારણ બને છે.


2) આજે શિક્ષકે અમને ........... તંત્ર શીખવ્યું.

3) ........... ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે.

અહીં તમે જોઈ શકો છો કે લોહી, રુધિર, રક્ત એ સમાનાર્થી શબ્દો છે, પણ આ શબ્દો જે તે ખાલી જગ્યામાં નથી મૂકી શકાતા. કારણ કે આ શબ્દોને પોતાની આગવી અર્થચ્છાયા છે એટલે તેને યોગ્ય જગ્યાએ જ મુકાય.

એક પ્રશિક્ષણાર્થી તરીકે આ તરફ વિચારવાની જરૂર એટલે છે કે આપણી ભાષાસજ્જતા વધારવાનું આ પહેલું પગથિયું છે. આમ તો આપણી અને આપણા બાળકોની ભાષામાં અસરકારકતા શબ્દો દ્વારા જ આવી શકે છે. આ બધા શબ્દો સમાનાર્થી કે પર્યાયવાચી શબ્દો ખરા પણ તે ગમે તેમ વાપરી શકાતા નથી. યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દ જ વાપરવો પડે એટલે આપણે વિદ્યાર્થીઓને અને આપણે પોતે પણ સમાન લાગતા શબ્દો વચ્ચેનો ભેદ કરી, યોગ્ય રીતે વાપરવા જોઈએ. જો આ રીતે શબ્દનો ભેદ કરવાનું સમજી જઈશું તો આપણી ભાષાસજ્જતા તો અસરકારક થવાની જ છે પણ સાથેસાથે આપણા અધ્યાપનમાં પણ અસરકારકતા આવવાની છે.

આપણે થોડા ઉદાહરણ જોઈએ દાખલા તરીકે શાળા કક્ષાએ મીરાંના પદ ભણાવાય છે. આ પદ સમજાવતી વખતે


આકાશ, વ્યોમ, નભ, અંબર
ચેતના : ચૈતન્ય, જીવનશક્તિ
ચાંદની : ચંદ્રિકા, જ્યોત્સ્ના, કૌમુદી
ચતુર : નિપુણ, પ્રવીણ, કુશળ, હોશિયાર, દક્ષ
જંગલ : અરણ્ય, વન, કાનન, વિપિન
તવંગર : ધનિક, શ્રીમંત, પૈસાદાર, અમીર
તદ્દન : સાવ, બિલકુલ
તરત : શીઘ્ર, ત્વરિત
તરજુમો : ભાષાંતર, અનુવાદ
દુશ્મન : અરિ, રિપુ, શત્રુ, વૈરી
દૈત્ય : દાનવ, અસુર, રાક્ષસ, નિશાચર, દનુજ
દેવું : કરજ, ઋણ
દીદાર : ચહેરો, સ્વરૂપ
દેહ : શરીર, કાયા, તન, વપુ, બદન, કલેવર
દિવસ : વાસર, અહન, દિન, દહાડો
દરિયો : સાગર, સમુદ્ર, સિંધુ, ઉદધિ, અબ્ધિ
દેદીપ્યમાન : દીપતું, ઝગમગતું
દિવ્ય : દૈવી, અલૌકિક
ધવલ : સફેદ, શ્વેત
નેહ : સ્નેહ, પ્રેમ, અનુરાગ, પ્રીતિ

શિક્ષકને એવું સમજાવતા સાંભળ્યા છે કે - મીરાં કૃષ્ણને પતિ માને છે. તેની સાથે પરણી છે. કદાચ શિક્ષકે ક્યાંક વાંચ્યું હશે

'અખંડ વરને વરી સાહેલી હું તો અખંડ વરને વરી', 'હું પરણી મારા પ્રીતમની સંગાથ વાલમજી.' જો આવી કાવ્ય પંક્તિના આધારે આપણે એમ વિચારીએ કે મીરાં કૃષ્ણને પતિ માને છે. તેની સાથે પરણી છે. તો મીરાં એમ કેમ કહે છે કે 'મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.' અહીં રામનો ઉલ્લેખ છે.

આપણે શિક્ષક તરીકે આવું અવલોકન કરવું જોઈએ. જો કરીએ તો આપણને વર અને પરણવું શબ્દનો અર્થ બરાબર સમજવો પડે. હવે જુઓ સાર્થ ગુજરાતી જોડણીકોશ 2008ના પાનાનંબર 747 પર વર શબ્દનો અર્થ આપ્યો છે - વર - ઉત્તમ, (2) પું. વરરાજા (3) પતિ (4) વરદાન (5) નામને લાગતાં 'શ્રેષ્ઠ, ઉત્તમ' એવો અર્થ થાય.

ઉદાહરણ પંડિતવર. હવે ઉદાહરણની પહેલી પંક્તિનો અર્થ સમજાશે કે જે ઉત્તમ છે તેને વરી છે. પરણવુંનો અર્થ સાર્થ ગુજરાતી જોડણીકોશ 2008ના પાના નંબર 513 પર આપ્યો છે - લગ્ન કરવું, અતૂટ સંબંધ બાંધવો. હવે જુઓ અહીં બીજા ઉદાહરણમાં સમજાશે કે તેણે પરમેશ્વર સાથે અતૂટ સંબંધ બાંધ્યો છે અને એટલે જ મીરાં માટે એમ પણ કહેવાયું છે કે, 'મંદિર સાથે પરણી મીરાં' હવે વધારે સાહિત્યિક વિવેચન ન કરતા આપણે જો આ રીતે શબ્દને સમજી આપણું અધ્યાપન કાર્ય કરીશું તો તેમાં જરૂરથી અસરકારકતા આવશે.

આ તો સાહિત્યની વાત પણ દરેક વિષયમાં અધ્યાપકની શબ્દની સમજ અને શબ્દનો વપરાશ તેના અધ્યાપનને અસરકારક બનાવવાની ગુરુચાવી છે. વિજ્ઞાનના બે ત્રણ શબ્દો જોઈએ - ઝડપ, ગતિ, બળ, જોર. વજન, દળ. દબાણ, ભાર, વજન. હવે તમે સરળતાથી સમજી શકશો કે વિજ્ઞાનમાં વપરાતા શબ્દો ભલે સમાનાર્થી છે, પણ તેમના અર્થમાં ભિન્નતા છે. એક શબ્દની જગ્યાએ બીજો શબ્દ વાપરી ન શકાય. સમાનાર્થી શબ્દ એટલે ગણિતની જેમ 1+1+1 = 3, 2+1 = 3, 1+2 = 3 એમ મુસાફરી = પ્રવાસ = યાત્રા = જાત્રા = પર્યટન = સફર ન વાપરી શકાય. હવે તમે જ તમારી જાતે સમાન લાગતાં કે સમાનાર્થી લાગતાં શબ્દોનો અર્થભેદ કરી શકશો.




# ભારતીય પરંપરામાં દીક્ષાંત સમારોહ

**ડૉ. મૌનસ ઠાકર**
**અધ્યાપક, એચ.એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લિશ ટ્રેનીંગ એન્ડ રિસર્ચ, વલ્લભ વિદ્યાનગર**
**Email: Maunas.thaker73@gmail.com**

આઈઆઈટીઈના આ અંકમાં તેનો ત્રીજા દીક્ષાંત સમારોહ કેન્દ્ર સ્થાને છે. દીક્ષાંત કહો કે પદવીદાન કહો કે કોન્વોકેશન કહો આ બધા શબ્દોમાં મુખ્ય ભાવ તો શિક્ષણ પ્રક્રિયાનો એક તબક્કો પૂર્ણ થયાનો છે. આ તબક્કો પૂર્ણ કરીને વધુ અભ્યાસ કે પછી વર્ષો સુધી કરેલા અભ્યાસના પાથેય સાથે સમાજમાં કારકિર્દી બનાવવા, અર્થોપાર્જન કરવા કે પછી સેવા માટે જીવનમાં આગળ વધવા માટેનો એક પડાવ એટલે દીક્ષાંત સમારોહ.

ભારતમાં અને વિશ્વમાં સ્નાતક અને અનુસ્નાતક પદવીનો અભ્યાસ સંપન્ન કર્યા પછી પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવાની પ્રથા સુપ્રચલિત છે. સામાન્ય રીતે દરેક વિશ્વવિદ્યાલય મોટા સમારોહમાં કુલાધિપતિ કે જે સામાન્ય રીતે રાજ્યના રાજ્યપાલ હોય છે, તેમના કરકમલોથી વિદ્યાર્થીઓને પદવીઓ અને વિવિધ ચંદ્રકો એનાયત કરતા હોય છે. આ સમારોહને પદવીદાન સમારોહ, કૉન્વોકેશન (Convocation) અથવા દીક્ષાંત સમારોહ કહે છે. દીક્ષાંત સમારોહની આ પ્રથા ક્યારથી અસ્તિત્વમાં આવી, કૉન્વોકેશન અને દીક્ષાંતમાં કઈ સમાનતા કે ભેદ છે અને ભારતમાં તેના મૂળિયાં કેટલા ઊંડા છે, તે જાણીએ.

સૌપ્રથમ આપણે Convocation જોઈએ. કૉન્વોકેશન શબ્દની વ્યુત્પત્તિ કરીએ તો તે મૂળ લેટિન શબ્દ 'convocare' પરથી ઊતરી આવેલો શબ્દ છે. જેનો શાબ્દિક અર્થ "એકત્રિત થવા બોલાવવા" તેવો થાય છે. આ શબ્દમાં પૂર્વગ 'con' નો અર્થ ભેગા, એકત્રિત એવો થાય છે અને 'vocare' નો અર્થ 'બોલાવવા' થાય છે. અંગ્રેજી ભાષામાં પણ ક્રિયાપદ Convoke (કન્વોક) એટલે બોલાવવા, ભેગા કરવા, સભા બોલાવવી, મંડળને એકત્રિત થવા આહ્વાન કરવું. Convoke ક્રિયાપદની ભાવવાચક સંજ્ઞા Convocation થાય. આમ શાબ્દિક અર્થ "કોઈ એક હેતુ માટે કોઈ નિશ્ચિત જનસમુદાયને એક સ્થાને એકત્રિત થવા બોલાવવા" એવો થાય છે. આ શબ્દનો ઉપયોગ ઈસાઈ ધર્મગુરીઓ-પાદરીઓની સભા બોલાવવાના સંદર્ભમાં લગભગ ઇસવીસનની સાતમી સદીથી થતો હોવાના સંદર્ભો મળે છે. એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા કૉન્વોકેશન શબ્દપ્રયોગ આર્કબિશપ થીઓડર (668-690)ના સમય જેટલો જૂનો નોંધે છે, જે અંગ્રેજ ચર્ચ દ્વારા રચિત એક બંધારણ હતું અને આ શબ્દ એક રાજ્ય અને રાજાના ભલા માટે થતી ધર્મસંસદના અર્થમાં પ્રયોજાતો હતો.



http://gradblog.schulich.yorku.ca/event/convocation-ceremo

ધાર્મિક સંદર્ભે પ્રયોજિત આ શબ્દનો પોતાનો ઇતિહાસ છે, પરંતુ આપણે શિક્ષણ ક્ષેત્રમાં આ શબ્દના ઇતિહાસ અંગે વાત કરવી છે. ઈંગ્લેંડની કેટલીક યુનિવર્સિટીઓમાં કૉન્વોકેશન એ યુનિવર્સિટીના એવા પ્રતિનિધિ રૂપ સત્તામંડળ તરીકે ઓળખાતું, જે સંપૂર્ણપણે જે તે યુનિવર્સિટીના પૂર્વ-વિદ્યાર્થીઓ દ્વારા ચાલતું. તેની એક સ્થાયી સમિતિ પણ રચાતી જેનું કામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના વિચારો, મતો અને દષ્ટિકોણને યુનિવર્સિટીના વહીવટી તંત્રને જણાવવાનું હતું.

આ શબ્દપ્રયોગનો સમય યુનિવર્સિટીઓમા ઉપરોક્ત ભૂમિકાએ ક્યારે થયો તે અંગે કોઈ નિશ્ચિત સમય જાણવા વધુ સંશોધન જરૂરી છે, પરંતુ પાશ્ચાત્ય વિશ્વની સૌથી પુરાતન યુનિવર્સિટીઓ પૈકી ઓક્સફર્ડ યુનિવરીસિટીની સ્થાપના ઇ.સ. 1096 થી 1167 માં થઈ હતી, તે હકીકત ધ્યાનમાં રાખીએ તો આ શબ્દનો પ્રયોગ યુનિવર્સિટીની ભૂમિકાએ લગભગ ઇ.સ.ની બારમી સદીથી થઈ રહ્યો છે, તેવો તર્ક કરી શકાય. જોકે, શરૂઆતમાં આ શબ્દનો પ્રયોગ પદવી એનાયત કરવાના સમારોહના સંદર્ભે થતો નહોતો, તે નોંધવું રહ્યું. વળી દરેક યુનિવર્સિટીમાં કૉન્વોકેશનનું અલાયદું માળખું અને અલાયદું બંધારણ જોવા મળે છે, જેમાં કાળાંતરે અનેક પરિવર્તનો પણ આવ્યાં છે. પરંતુ આજે વિશ્વમાં કૉન્વોકેશન  ખાસ કરીને ગ્રેજ્યુએશન સેરેમની, પદવી એનાયત કરવાના સમારોહ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ અંગે એક અલગ ચર્ચા થઈ શકે, પરંતુ આ લેખમાં આપણે મુખ્યત્વે ભારતમાં પ્રચલિત કૉન્વોકેશન કે જેના માટે સર્વોચિત શબ્દ 'દીક્ષાંત' છે, તેની વાત કરીએ.

ભારતીય પરંપરામાં દીક્ષાંત અને સમાવર્તન સંસ્કાર:

વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ થાય એટલે તેને વિધિવત્ સ્નાતક તરીકે ઘોષિત કરવો અને પદવી એનાયત કરવી, તેવી આધુનિક પ્રથાના મૂળ ભારતમાં પૌરાણિક કાળ સુધી વિસ્તરેલા છે. ભારતના સનાતન ધર્મમાં સૂચિત સોળ સંસ્કારો ગર્ભાધાનથી શરૂ થઈ અગ્નિસંસ્કાર- શ્રાદ્ધ સુધીના છે, જેનો ઉલ્લેખ ગૌતમસ્મૃતિ, મનુસ્મૃતિ, વ્યાસસ્મૃતિ, શિલ્પ શાસ્ત્ર અને અંગીરા ઋષિ દ્વારા થોડા-થોડા પરિવર્તનો સાથે થયેલો જોવા મળે છે. પરંતુ પ્રત્યેકમાં સમાવર્તન – પ્રાય: બારમો સંસ્કાર ઉલ્લેખિત છે. ઉપનયન સંસ્કાર મેળવી યજ્ઞોપવીત ધારણ કરેલ બટુક વિદ્યાભ્યાસ માટે ગુરુ પાસે તેમના આશ્રમમાં- ગુરુકુળમાં જાય છે.

વિદ્યાભ્યાસનો આ સમયગાળો બ્રહ્મચર્યાશ્રમના ચુસ્ત નિયમો અને સાંસારિક બાબતોથી અલિપ્ત રહેવાનો હોય છે. પરંતુ જ્યારે વિદ્યાભ્યાસ પૂર્ણ થાય છે, ત્યારે વિદ્યાર્થીને સમાવર્તન સંસ્કાર આપવામાં આવે છે, જેમાં પ્રથમ કેશાન્ત સંસ્કાર આપ્યા પછી વિદ્યાર્થીને ઔષધિયુક્ત અને સુગંધિત દ્રવ્યોથી ભરેલા આઠ ઘડાઓના જળ દ્વારા મંત્રોચ્ચાર સાથે સ્નાન કરાવવામાં આવે છે, યજ્ઞોપવીત ધારણ કરતી વખતે ધારણ કરેલ દંડ – મેખલા પરત લેવામાં આવે છે, સુંદર વસ્ત્રાભૂષણ પહેરાવવામાં આવે છે, અને આગામી જીવન માટે ગુરુ દ્વારા ઉપદેશ આપવામાં આવે છે. જેમાં ગૃહસ્થોના દાયિત્વ, સફળતા પૂર્વક જીવવાની જડીબુટ્ટી, વિદ્યાનો યોગ્ય ઉપયોગ, શું કરવું, શું ના કરવું આ બધા બોધ આપીને વિદ્યાર્થીને ગુરુકુલથી વિધિવત્ સ્નાતક જાહેર કરીને સ્વગૃહે જવા વિદાય આપવામાં આવે છે.

સમાવર્તન અંગે ઋગ્વેદમાં કહ્યું છે,

युवा सुवासाः परिवीत आगात्स उ श्रेयान्भवति जायमानः ।
तं धीरासः कवय उन्नयन्ति स्वाध्यो मनसा देवयन्तः ।।४।।

- ऋग्वेदः सूक्तं ३.८-

એટલે કે, જ્યારે શ્રેષ્ઠ કપડાં પહેરેલો યુવાન ઉપવિત (બ્રહ્મચારી), બધી જ વિદ્યાઓથી પ્રકાશિત થઈ ઘરે આવે છે, ત્યારે તે મંગલકારીને શ્રેય આપનારો પ્રખ્યાત થાય છે. તેને ધૈર્યયુક્ત, બુદ્ધિશાળી, વિદ્વાનો દ્વારા, સારા ધ્યાનવાળા મન સાથે, વિદ્યાના પ્રકાશની ઇચ્છા રાખી અને ઉચ્ચ પદ પર બેસાડવામાં આવે છે.

સમાવર્તનનો શાબ્દિક અર્થ થાય છે 'પાછા ફરવું'. આ જ છે આપણો દીક્ષાંત સમારોહ. શિક્ષણ વ્યવસ્થા, અધ્યયનના વિષયો અને પદ્ધતિઓ, સમાજ રચના બધુ બદલાઈ ગયું છે, પરંતુ દીક્ષાંતનું તત્ત્વ તેનું તે જ છે. દીક્ષાંત શબ્દ પણ સમજવા જેવો છે. દીક્ષા એટલે ગુરુ જ્યારે વ્યક્તિને પોતાના શિષ્ય તરીકે સ્વીકારે અને વિધિવત જે વિદ્યાદાનનો પ્રારંભ કરે તે. અમુક ગુરુની દીક્ષા લીધી એટલે તે વ્યક્તિને ગુરુ માની તેમની પાસેથી વિદ્યા મેળવવા કટિબદ્ધ થવું. આ શબ્દ આપણે પ્રચુર માત્રામાં આજે પણ સાંભળીએ જ છીએ અને સનાતન, જૈન, બૌદ્ધ અને યોગ પરંપરામાં તે આજે પણ પ્રચલિત છે. આ દીક્ષા પામેલ શિષ્ય જ્યારે સંપૂર્ણ પણે દીક્ષિત થઈ જાય, વિદ્યાભ્યાસ પૂર્ણ થઈ જાય એટલે દીક્ષાંત સમારોહ થાય. માટેજ દીક્ષાંતમાં બે શબ્દ છે, 'દીક્ષા' અને 'અંત' અર્થાત દીક્ષા પૂર્ણ થવી.

તૈત્તિરીય ઉપનિષદમાં દીક્ષાંત પ્રવચન:

ભારતના પ્રાચીનતમ દસ ઉપનિષદો પૈકી એક એવા તૈત્તિરીય ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદીય શાખાનો એક ઉપનિષદ છે, જેમાં ભૃગુવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને શિક્ષાવલ્લી એમ ત્રણ ખંડ છે. જે પૈકીનાં શિક્ષાવલ્લી ખંડના 11માં અનુવાકમાં સમાવર્તન સંસ્કાર સમયે ગુરુઓ દ્વારા શિષ્યોને આપેલ બોધ અદ્ભુત છે.

સત્ય બોલજે, ધર્મના માર્ગ પર ચાલજે, સ્વાધ્યાય કરવામાં આળસ ન કરતો. આચાર્યને તેમનું પ્રિય આપી અને પ્રજાતંતુનો વિચ્છેદ કરતો નહીં. (સંતાન પેદા કરવામાં ચૂકતો નહીં). સત્યથી પ્રમાદ કરતો નહીં. ધર્મથી પ્રમાદ કરતો નહીં. કલ્યાણકારી કાર્યો કરવાથી પ્રમાદ કરતો નહીં. સંસાધનોના વિકાસમાં પ્રમાદ ન કરતો.

स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम् । देवपितृकार्याभ्यां न प्रमदितव्यम् । मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव । यान्यनवद्यानि कर्माणि तानि सेवितव्यानि नो इतराणि । यान्यस्माकं सुचरितानि तानि त्वया उपास्यानि नो इतराणि । ये केचास्मच्छ्रेयांसो ब्राह्मणाः तेषां त्वया आसनेन प्रश्वसितव्यम् । श्रद्धया देयम् । अश्रद्धया अदेयम् । श्रिया देयम् । ह्रिया देयम् । भिया देयम् । संविदा देयम्।

સ્વાધ્યાય અને પ્રવચન (શિક્ષણ)માં પ્રમાદ કરતો નહીં. દેવકાર્ય અને પિતૃકાર્યમાં પ્રમાદ કરતો નહીં. માતાને દેવ માનજે. પિતાને દેવ માનજે. આચાર્યને દેવ માનજે. અતિથિને દેવ માનજે. જે અનિંદનીય કાર્યો છે, તે જ કરજે, અન્ય નહીં. અમારા (આચાર્યોના) જે જે સારા આચરણો છે, તેનીજ ઉપાસના કરજે (અનુસરજે) અન્યને નહીં. અમારામાથી જે શ્રેષ્ઠ સચ્ચરિત્ર બ્રહ્મજ્ઞાની (વિદ્વાન) મળે, તેને આસન અર્પી સુશ્રુષા- સન્માન કરી ઉપાસના કરજે. શ્રદ્ધાપૂર્વક દાન કરજે, અશ્રદ્ધાથી નહીં. પોતાના સામર્થ્ય અનુસાર ઉદારતાપૂર્વક વિનમ્રતાથી દાન કરજે. ભયપૂર્વક દાન કરજે. (દાન નહીં કરું, તો ઈશ્વરને શું જવાબ આપીશ, તેવા ભયથી.) સૌહાર્દથી દાન કરજે.

આ સમગ્ર બોધમાં સ્નાતકને ગુહસ્થ તરીકે ઉત્તમ ભવિષ્ય માટે નીતિમત્તા યુક્ત જીવનનો જે બોધ આપેલો છે, તેમાં ભારતની આતિથ્ય સત્કારની સંસ્કૃતિ, માતા-પિતા અને શિક્ષકોના સન્માનનો પરિચય તો થાય જ છે, પરંતુ અત્યંત ધ્યાનાકર્ષક બાબત ગુરુજનોની સત્યનિષ્ઠા અને નિરહંકારિતા પણ છે. ગુરુ જ્યારે પોતાના સૂચરીતોને જ અનુસરવાનું કહે છે, ત્યારે સ્વીકારે છે, કે અમારા આચરણમાં પણ દોષ હોય શકે, પરંતુ તારે તેનું અનુસરણ કરવું નહીં. વળી પોતે શ્રેષ્ઠ છે, તેવું ના માનતા ગુરુ એમ કહે છે, કે અમારામાથી જે તને શ્રેષ્ઠ લાગે, તેનું સન્માન કર. અહીં શિષ્યને પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી સ્વયં નિર્ણય લેવાનું કહ્યું છે, જે બંધન મુક્ત વિદ્યાનું દ્યોતક છે.

તમાં આ પરંપરા હજારો વર્ષોથી અસ્તિત્વમાં છે, જેનું આપણને અવશ્ય ગૌરવ હોવું જોઈએ. કૉન્વોકેશન ગાઉન પહેરીને મોર્ટાર કેપ પહેરેલા સ્નાતકોને પોતાની પરંપરાની પણ જાણ હોવી જ જોઈએ. અમેરિકન નેવી દ્વારા શરૂ થએલ અને કૉન્વોકેશનને અંતે જોવા મળતી કેપ ઉછાળવાની પ્રથા રોચક જરૂર છે, પરંતુ મંત્રોચ્ચાર સાથે દીક્ષિત થવું પણ ઓછું રોચક નથી. ભારતીય હોવાના નાતે, આપણે "રાષ્ટ્રદેવો ભવઃ" ના ભાવ સાથે પોતાની પરંપરાઓને યાદ રાખીએ અને જે પ્રથાઓ અનુસરણીય છે, તેનું યથા શક્તિ, સવિવેક અનુસરણ કરીએ.

**સંદર્ભ:**


तोमर, लज्जाराम, भारतीय शिक्षाके मूल तत्व, सुरुचि प्रकाशन, 2014

http://shankarabhashya.com/index.php?topic=140.0

http://www.mukhopadhyay.in/2015/11/facts-upanishads.html

https://web.archive.org/web/20200814114511/https://sa.wikisource.org/wiki//तैत्तिरीयोपनिषदत्/शिक्षावल्ली.

https://www.britannica.com/topic/Convocations-of-Canterbury-and-York

https://www.indiadivine.org/science-taittiriya-upanishad/

https://www.jansatta.com/religion/gurukul-reti-shiksha-se-judi-hai-deeksha/1253929/

https://www.sanskritfromhome.in/course/taittiriya/

https://sa.wikisource.org/wiki/ ऋग्वेदः_सूक्तं_३.८

https://www.vocabulary.com/dictionary/convocation#:~:text=The%20noun%20convocation%20stems%20from,to%20a%20country's%20unjust%20government.



**પરંપરાના રક્ષણ અને આધુનિક્તાના આહ્વાન સાથે ત્રીજો દીક્ષાંત સમારોહ સંપન્ન**

# શિક્ષણની આરાધનાથી વ્યક્તિ નિર્માણની સાધના તરફ

## આઈઆઈટીઈના ત્રીજા પદવીદાન સમારંભમાં 128 સ્નાતકો, અનુસ્નાતકોને પદવી એનાયત થઈ

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો તૃતીય પદવીદાન સમારંભ તારીખ ૨૪મી ડિસેમ્બર, 2020ના રોજ યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાતના રાજ્યપાલ શ્રી માન. આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં, માન. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, તથા શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી વિભાવરીબેન દવેની પ્રેરક ઉપસ્થિતિમાં આઈઆઈટીઈના પટાંગણમાં યોજાયેલો હતો. આ સમારોહમાં સૌથી ધ્યાન ખેંચનાર બાબત એ હતી કે તેમાં રાજ્યની 12 યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની વિશિષ્ટ ઉપસ્થિતિ હતી.

આપણી ભારતીય જ્ઞાનપરંપરાની સમૃદ્ધિને વિશ્વવ્યાપી બનાવનાર આપણી પ્રાચીન વિદ્યાપીઠોની સંકલ્પના આધારે કાર્યક્રમ સ્થળની રચના કરવામાં આવી હતી. આઈઆઈટીઈના મુખ્ય દરવાજાથી સમારંભ સ્થળ સુધી પોલીસ બેન્ડ સાથે પદવી મેળવવા જઈ રહેલા વિદ્યાર્થીઓ, આઈઆઈટીઈના વિવિધ સત્તા મંડળોના સભ્યો, આઈઆઈટીઈના અધ્યાપકગણ સહિત આમંત્રિત મહેમાનોએ શોભાયાત્રા સ્વરૂપે પદવીદાન સ્થળે પ્રસ્થાન કર્યું હતું.

માન. કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજી ઓનલાઇન માધ્યમથી સમારંભમાં જોડાયા હતા. પદવીદાન સમારંભની શુભ શરૂઆત જ્ઞાનના પ્રતીક સમા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આદરણીય કુલપતિશ્રીએ આમંત્રિત મહેમાન, અતિથિવિશેષનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું અને આપણી વિદ્યાપીઠોની સ્મૃતિ તાજી કરાવતું, વિદ્યાપીઠોના નામવાળું તામ્રપત્ર સ્મૃતિચિહ્નરૂપ એનાયત કર્યું હતું. ત્યારબાદ માનનીય









કુલસચિવશ્રી હિમાંશુભાઈ પટેલ દ્વારા આચાર્ય દેવવ્રતજીને દીક્ષાંત સમારંભ શરૂ કરવાની અનુમતિની અભ્યર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ કુલાધિપતિએ પદવીદાન સમારંભ ખુલ્લો મૂકાયેલો જાહેર કર્યો હતો. તેમની મંજૂરી બાદ દીક્ષાંત સમારંભનો આરંભ કરવામાં આવ્યો હતો.

કુલાધિપતિની અનુમતિ મળતાની સાથે જ ડીનશ્રી એ કુલ 128 પદવીઓની અને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની વિગતો રજૂ કરી હતી. આદરણીય શિક્ષણમંત્રીશ્રીઓ ભુપેન્દ્રસિંહ ચુડાસમાજી ચુડાસમા અને વિભાવરીબેન દવેના શુભ હસ્તે વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક અને પદવીઓ મેળવનાર વિદ્યાર્થીઓને મંચ પર આમંત્રણ આપી તેમને પદવી એનાયત કરવામાં આવી હતી. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે પોતાના સ્વાગત પ્રવચનમાં શિક્ષકસજ્જતા, સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને આઈઆઈટીઈના જુદા જુદા પ્રકલ્પો વિશે માહિતી આપવામાં આવી હતી.























ભારતીય સંસ્કૃતિમાં ગુરુજનોનું સ્થાન દેવતુલ્ય માનવામાં આવે છે, કારણ કે શિક્ષક એવી મહાન વ્યક્તિ છે જે મનુષ્યને સાચા અર્થમાં માનવી બનાવે છે. શિક્ષકના શિરે શ્રેષ્ઠ ભાવિ નાગરિકના ઘડતરની મહત્ત્વની જવાબદારી હોય છે

**- માન. રાજ્યપાલશ્રી અને આઈઆઈટીઈના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રત**



શિક્ષકે માત્ર માહિતી પીરસવાની નથી પરંતુ જ્ઞાનના દિપકથી વિદ્યાર્થીના સમગ્ર જીવનને પ્રકાશિત કરવાનું છે. શિક્ષકના અનુભવ, શૈલી અને સંવેદનાથી વર્ગખંડમાં ભાવિ પેઢીનું ઘડતર થાય છે.

**- માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા**



અહીંથી જ્યારે તમે ડિગ્રી લઈને જઈ રહ્યા છો, ત્યારે તમારી એ દીક્ષાનો અંત છે, શિક્ષણનો અંત નથી. તમે પુસ્તક વાંચતા શીખ્યા છો, પરંતુ જીવનને જાણવાનું છે, હવે તમારે બાળકોને વાંચવાના છે.

**- માન. શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવે**



છેલ્લાં 8 મહિનામાં જે રીતે જીવન, વર્ગખંડ, સમાજ અને શિક્ષણ વ્યવસ્થા બદલાઈ છે તેને ધ્યાનમાં રાખીને આઈઆઈટીઈમાંથી શિક્ષક બનીને જઈ રહેલા આપ સહુ આ બદલાયેલી વ્યવસ્થામાં માતાની મમતા અને પિતાની જવાબદારી સાથે શિક્ષક તરીકેની ફરજ નીભાવશો તેવો વિશ્વાસ છે.

**- માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ**






માન. રાજ્યપાલશ્રીએ દીક્ષાંત પ્રવચનમાં જણાવ્યું હતું કે, બાળકો કોમળ પ્રતિભાના ધની હોય છે, તેમને ઘડવાનું કાર્ય શિક્ષકોનું છે. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષકની કારકિર્દી માત્ર વ્યવસાય નહીં, પરંતુ જીવન દર્શન સાથે વ્યક્તિ નિર્માણની સાધના છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં ગુરુજનોનું સ્થાન દેવતુલ્ય એટલે કે સર્વોચ્ચ માનવામાં આવે છે. કારણકે, શિક્ષક એવી મહાન વ્યક્તિ છે જે મનુષ્યને સાચા અર્થમાં માનવી બનાવે છે. શિક્ષકના શિરે શ્રેષ્ઠ ભાવિ નાગરિકના ઘડતરની મહત્ત્વની જવાબદારી હોય છે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આદિકાળથી ગુરુકુળ પરંપરા અને નાલંદા - તક્ષશિલા વિદ્યાપીઠોના વિદ્યા સંસ્કારથી ભારતે સમગ્ર વિશ્વને શિક્ષણનું દર્શન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, ગુરુ-શિષ્યના સામંજસ્યથી માનવ ઘડતરની પ્રક્રિયાનું નિર્માણ થાય છે. રાજ્યપાલશ્રીએ આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન પણ આવશ્યક હોવાનું જણાવી આ સંસ્થામાંથી સફળ થઈને ભાવિ શિક્ષક બનવા જઈ રહેલાં વિદ્યાર્થીઓ સમર્પણભાવથી ઉત્તરદાયિત્વ નિભાવે અને ભાવિ પેઢીના ઘડતર માટે પુરુષાર્થી બને, તેવી શુભકામનાઓ પણ પાઠવી હતી.

શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પદવી પ્રાપ્ત કરી શિક્ષક તરીકે કારકીર્દી ઘડવા જઈ રહેલા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતા જણાવ્યુ હતું કે, શિક્ષક બાળકના જીવનમાં પરિવર્તન લાવી શ્રેષ્ઠ નાગરિકોનું ઘડતર કરે છે. શિક્ષકે માત્ર માહિતી પીરસવાની નથી પરંતુ જ્ઞાનના દિપકથી વિદ્યાર્થીના સમગ્ર જીવનને પ્રકાશિત કરવાનું છે. શિક્ષકના અનુભવ, શૈલી અને સંવેદનાથી વર્ગખંડમાં ભાવિ પેઢીનું ઘડતર થાય છે.

તેમણે ટૅક્નૉલૉજી અને માહિતી વિસ્ફોટના યુગમાં શિક્ષકોની પ્રાસંગિકતા માત્ર માહિતી આપવા સુધી જ સિમિત ન રહે અને અભ્યાસક્રમ ઉપરાંત વિદ્યાર્થીઓના ઘડતરમાં સંસ્કાર તથા મૂલ્યોના સિંચનની જવાબદારી લેવાનો સંદેશ આપ્યો હતો.



માન. શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટિને કારણે આ સંસ્થા સાકાર થઈ અને શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રને નવી દિશા મળી હોવાનું જણાવીને માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને યુનિવર્સિટીને નવા સીમાચિહ્નો પ્રાપ્ત કરવા માટેનું નેતૃત્વ પૂરું પાડવા બદલ અભિનંદન આપ્યા હતા. માન. શિક્ષણ રાજ્યમંત્રીએ રાજ્યની અનુદાનિત અને સરકારી શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાઓને યુનિવર્સિટીના છત્ર નીચે લાવવાના કાર્યને મહત્ત્વરૂપ ગણાવ્યું હતું.

આ પદવીદાન સમારોહમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. જે. જે વોરા, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. જયરાજસિંહ જાડેજા, જુનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. ચેતન ત્રિવેદી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. નિતિન પેથાણી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદ શાહ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી શિરિષ કુલકર્ણી, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. અમી ઉપાધ્યાય, સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતના યુનિવર્સિટીના કુલપતિશ્રી રામાશંકર દુબે, ગુજરાત ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટીના યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. નવિન શેઠ, તથા ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડૉ. જગદિશ ભાવસાર, ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી શૈલેષભાઈ ઝાલા, ઇન્ફ્લિબિનેટ ગુજરાતના નિયામક પ્રૉ. જે પી સિંઘ જૂરેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાન દ્વારા નિર્માણ પામેલા ટીચર્સ ટ્રેઇનિંગ પોર્ટલ ‘અંગિરા’નું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું, તેમજ શ્રેષ્ઠ ટીચર્સ ટ્રેઇની, શ્રેષ્ઠ ટીચર એજ્યુકેશન અને શ્રેષ્ઠ ટીચર ઇન્સ્ટીટ્યૂટ એમ ત્રણ શ્રેણીમાં ચાણક્ય એવોર્ડ આપવાની ઘોષણા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાન દ્વારા તૈયાર કરાયેલા સંશોધન અહેવાલ ‘ઓનલાઇન શિક્ષણ : આવશ્યક્તા અને વ્યવસ્થાઓ’નું વિમોચન પણ કરાયું હતું. આ ઉપરાંત યુનવર્સિટીના એમ્ફીથિએટર અભિવ્યક્તિના જ્ઞાન પટલ પર પ્રાચીન ભારતની 12 વિદ્યાપીઠોના દશ્યચિત્રનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.






# Sailing through the odds to fulfil the social responsibility

## Hon. Education Ministers release IITE's research report about the impact of Online Education in the state on convocation day

**- Prof. Nishant Joshi**
Asst. Professor, IITE

It was a celebration time at Indian Institute of Teacher Education (IITE) when all the grant-in-aid and Government B.Ed. Colleges of Gujarat got affiliated with the University. I still remember our Hon. Vice-Chancellor Dr Harshad Patel's words, when he had addressed IITE staff members' gathering at the celebration.

He had said, "Now the responsibility of IITE has expanded, and we are answerable and accountable to the whole state. We should feel concerned about guiding the whole education system of the state and the nation in this pandemic era of Corona." He had added, "When people are feeling concerned more about saving the life of people, who would save 'education life' of our children? It is the time when IITE should take the lead in this regard."

These words of care and concern were manifested on the 10th Foundation Day when Dr Patel announced five initiatives to boost Education and Teacher Education's spirit by various means and ways. One of those initiatives was, undertaking a research study on tracking the trend of 'Online Education', which has been the new normal in the post-Covid19 world. No university in the state had undertaken such study to check its impact on the teaching-learning process, especially from the education perspective. So, IITE took the lead to research, which might be a 'path enlightening' to the school education system of Gujarat, which was struggling in the pandemic era, as none of the stakeholders was ready for the Online Education in terms of physical resources and well-trained human resources and pedagogy of online education.

Two faculty members of IITE Dr Sudhir Tandel, Associate Professor, and Dr Nishant Joshi, Assistant Professor, were entrusted with the responsibility to carry out the research. The main challenge in the research work was the situation of Lockdown in the

state. However, under the Vice-Chancellor sir's guidance, the research team decided to take the challenge and roped in 15 professors and teachers across Gujarat. This was perhaps the biggest inclusive survey on Online Education in the state. We have recorded views, opinions and suggestions of 300 stakeholders of school education in Gujarat on various aspects of Online Education such as curriculum, pedagogy, physical resources, teacher training, assessment and evaluation, time table and issues related to students, parents, teachers, principals and school management. It encompassed the data from 60 renowned educationists, 60 principals, 60 parents, 60 teachers and 60 management authorities across all the Gujarat. We have covered government, grant-in-aid and private educational institutions situated in rural, urban and municipal corporation areas. Because of such comprehensiveness, it has become a unique survey concluding the findings and suggestions for all the six crore people of Gujarat. The sample has represented almost every stakeholder, each and every district and each school type.

It is a matter of honour and privilege that the research report of the survey on Online Education was released by Honourable Education Minister Shree Bhupendrasinh Chudasama and Hon. Minister of State for Education Smt. Vibhavariben Dave on the 3rd Convocation Day Ceremony of IITE on 24th December 2020. This extraordinary effort has been appreciated a lot by these honourable






ministers and other higher education and school education fraternity since it will be an authentic source for deciding the future guidelines to be prepared by the education department of Government of Gujarat, GCERT, GSEB and other private educational institutions of the state and even of the nation as well.

This valuable document can lead the state and the national government to a completely separate policy document on Online Education in the School Education that is the dire need of the time since the pandemic is still troubling the world in general and the world of education specifically. The research report throws light on existing challenges in online education and the suggested ways to cope with them.

The research initiative proves that the Vice-Chancellor Dr Harshad Patel and his team at IITE responding to any averse situation by turning it into an opportunity.

At IITE, we are ready to take the responsibility, and be a guiding force in the teacher education system, to identify the challenges faced by all the stakeholders.




# Chanakya Award - A Celebrating the Spirit of Teacher Education

## IITE to felicitate Students, Teachers and Institutions of Techer Education with Chanakya Awards in June 2021

Most of you would remember your favourite teachers in the schools, but do you know who the teachers of your favourite teachers were? As a common man of society, we hardly know and understand the importance of Teacher Educators, who shape the teachers for society. They are teachers of teachers.

Indian Institute of Teacher Education has been established for nurturing the teachers for future generations. To set a trend of celebrating the pride of the teacher's job as a gratifying career, Hon. Vice-Chancellor of IITE Dr. Harshad Patel had announced 'Chanakya Award' for Teacher Education on the 10th Foundation Day of the University. IITE has formulated the modalities of the awards, which were made public on the 3rd Convocation Day of the University on 24 December 2020.

Talking about the awards modalities, Prof. Jayna Joshi said, "The award will be given in three categories, namely Best Teacher Trainee, Best Teacher Educator, and Best Teacher Education Institute, and the recipients of the award will be given a certificate, a trophy and cash prize of Rs. 25 Thousand, Rs. 50 Thousand and Rs. One Lakh, respectively. Every year, the awardees will be felicitated on the Foundation Day of IITE on 30th June."

Sharing the vision for the awards, Dr. Harshad Patel, Vice-Chancellor of IITE said, "The selfless service of a Teacher Educator should be appreciated. Following the guidelines of NEP-2020, IITE has set up the awards as an initiative to revive Teacher Educators and Teacher Education Institutes' respect and performance and motivate the Teacher Trainees to perform their best. The awards will motivate them to not only persevere excellence in their fields and also to be recognised and appreciated for their dedicated hard work."




# Art for Education Sake

## IITE organised a weeklong workshop on 'Art in Education' between 12th December and 17th December

NCF, 2005 states that. 'we must bring the arts squarely into the curriculum domain, infusing them in all areas of learning while giving them an identity of their own at relevant stages'. Art has always existed as an expression for life, culture, traditions and science. NCF stressed including art as a subject at all stages of education covering all four major spheres, i.e. music, dance, visual art and theatre.

'Art in Education' is included as an essential subject in 2 Year B.Ed. Curriculum. Internal Quality Assurance Cell and Center of Education, Indian Institute of Teacher Education, Gandhinagar organised One Week Workshop from 12th to 17th December 2020.

The workshop received participation from across the states and the country. Around 1600 students from 26 Institutions and 200 educators and professionals across the country participated in the workshop.

The workshop was inaugurated on 12th December 2020 by Hon. Vice-Chancellor of IITE, Dr. Harshad Patel in the presence of Shri. T.S. Joshi (Director, GCERT), Dr. Vijay Sevak, former Associate Professor, V.T.Choksi College of Education, Surat, and Dr. Himanshu Patel, Registrar, IITE, and the Principals of various affiliated colleges of IITE. Convener of the workshop Dr. Divya Sharma, Professor, Center of Education and IQAC Coordinator welcomed the guests and introduced the objectives of the workshop.

The first session 'Drama in Education: Understanding the Concept' was conducted by Dr. Vijay Sevak. He introduced various ideas of drama and how to use them in teaching. Mr. Amit Barot conducted the session on music. The third session was of Fine Arts – Elements or art, Painting, Rangoli, Clay Modelling etc. by Mr. Yogesh Pawar Assistant Professor, Center of Education, IITE, Gandhinagar. The fourth session was on Dance: Taal, Laya, Matra etc. writing of taal and dance forms by Ms. Jigna Dixit, A Kathak Exponent who enthusiastically represented various mudras and taals and motivated the participants to express themselves artistically. The last session was on Curricular Plugins for Embedding Art in Education by Prof. Divya Sharma. The participants were given ideas as to how they can integrate various forms of arts in the curriculum.




# “સમસ્યાનું સુવિધા સાથે સમાધાન એટલે સ્ટાર્ટ અપ”

## માન. શિક્ષણ મંત્રીશ્રીએ સૌ પ્રથમ વખત પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને આઈઆઈટીઈના એસએસઆઈપી સેલનો પ્રારંભ કરાવ્યો

રાજ્યની સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન પોલીસી (એસએસઆઈપી)ના અમલીકરણના ભાગરૂપે માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે આજે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) ખાતે એસએસઆઈપી સેલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ટીચર યુનિવર્સિટી સંલગ્ન શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓના આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં એસએસઆઈપી હેઠળ માત્ર ટૅક્નૉલૉજી જ નહીં, પરંતુ શિક્ષણ ક્ષેત્રે તેમાં પણ શિક્ષણ પદ્ધતિ ક્ષેત્રે પણ નવા વિચારોથી જૂની સમસ્યાઓના સુવિધાજનક સમાધાન શોધી શકાય તે માટે એક ખાસ વર્કશોપનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

એસએસઆઈપી સેલના ઉદ્‌ઘાટન પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રીએ આઈઆઈટીઈને દેશની 23 બેસ્ટ પ્રૅક્ટિસિસમાં સ્થાન મેળવવા બદલ ખૂબ જ અભિનંદન આપ્યા. એટલું જ નહીં, આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને પરામર્શન પાથેય કાર્યક્રમ હેઠળ સમગ્ર રાજ્યની શિક્ષણ સંસ્થાઓની પ્રત્યક્ષ મુલાકાત લેવા બદલ બિરદાવ્યા હતા.

માન. શિક્ષણમંત્રીશ્રીએ સ્ટાર્ટ અપ અને ઇનોવેશનની સરળ ભાષામાં સમજ આપતાં જણાવ્યું, “કોઈપણ સમસ્યાનું સુવિધા સાથે સમાધાન શોધવું એનું નામ - સ્ટાર્ટ અપ. સમસ્યા દરેક ક્ષેત્રમાં હોય છે જ. પાર્કિંગની સમસ્યા હોય કે પછી ટ્રાન્સપોર્ટેશનની સમસ્યા. આપણા ગુજરાતના યુવાનોમાં નાવિન્યપૂર્ણ વિચારોથી આ સમસ્યાઓના સમાધાન શોધી કાઢવાની ખૂબ જ ક્ષમતા રહેલી છે. તેનું ઉદાહરણ છે કે આ વર્ષે જ્યારે દેશની તમામ આઈઆઈટી (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ્સ ઑફ ટૅક્નૉલૉજી)એ ભેગા મળીને 726 પેટન્ટ્સ ફાઈલ કરી છે, ત્યારે ગુજરાતમાંથી 800 જેટલી પેટન્ટ્સ ફાઈલ કરવામાં આવી છે.” શિક્ષણ મંત્રીશ્રીએ ગુજરાતમાં થતી વિવિધ સ્ટાર્ટ અપ પ્રવૃત્તિઓને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન વિશે વાત કરીને અને તેમણે શિક્ષણ ક્ષેત્રમાં પણ વિદ્યાર્થીઓને વિવિધ વિષયો સમજાવવા માટેની નવી નવી પદ્ધતિઓ વિકસાવીને તેના સ્ટાર્ટ અપ્સ શરૂ કરવા જોઈએ તેવું સૂચન કર્યું.

માન. શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ, “આપણે દર વર્ષે રાજ્યમાં હેકેથોન કરીએ છીએ, જેમાં ઘણા ઉદ્યોગપતિઓ આવે છે. હવે આગામી હેકેથોનમાં એજ્યુકેશન વિષય પર સ્ટાર્ટ અપના ઇનોવેટિવ વિચારો સાથે આઈઆઈટીઈમાંથી વિદ્યાર્થીઓ ભાગ લે તેવું આહ્વાન કરું છું.”

માન. શિક્ષણમંત્રીશ્રીને આઈઆઈટીઈ પરિસરમાં આવકારતા કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું, “આપણે સહુ શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રમાં કામ કરીએ છીએ અને વિદ્યાર્થીઓને પ્રયોગ પદ્ધતિથી (એક્સપરિમેન્ટલ મેથડ)થી કેવી રીતે શીખવી શકાય તેની તાલીમ આપણા તાલીમાર્થીઓને આપીએ છીએ. આ બાબતને આ બાબતને એસએસઆઈપી સાથે સાંકળી શકાય છે. હવે આઈઆઈટીઈના એસએસઆઈપી સેલ દ્વારા બી.એડ. કૉલેજો તથા તેમના તાલીમાર્થીઓને પણ જોડી શકાશે.” તેમણે જણાવ્યુ કે, “આઈઆઈટીઈ તથા સંલગ્ન સંસ્થાઓમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ ભવિષ્યના શિક્ષકો છે. તેમને એસએસઆઈપી દ્વારા નવા પ્રકારે સમસ્યાઓના સમાધાન શોધવાની તાલીમ અને પ્રોત્સાહન મળશે, ત્યારે તેનો લાભ આગામી 30 વર્ષ સુધી સમાજને તથા આવનારી પેઢીઓને મળતો રહેશે.”

કાર્યક્રમનું સંચાલન ટીચર્સ યુનિવર્સિટીના પ્રૉ. રવીરાજ રાજપુરાએ કર્યું હતું અને આઈઆઈટીઈના કુલ સચિવ ડૉ. હિમાંશુ પટેલે કાર્યક્રમના અંતે આભારવિધિ કરી હતી.

ANGIRA

Academic Networked Global Instructional Resources for Academicians

A Dedicated MOOC Platform for Teacher Educators

# Now Streaming: ANGIRA -IITE's Classroom without walls

Announced on the 10th Foundation Day, IITE launched activated ANGIRA – A dedicated MOOC platform on the 3rd Convocation Day

Progress is a never ending process, and at Indian Institute of Teacher Education, progress also has the dynamism to deter the odds and achieve envisaged goals. Hon. Vice-Chancellor Dr. Harshad Patel had announced setting up ANGIRA - a dedicated MOOC (Massive Online Open Course) platform for Teacher Education was announced on the 10th Foundation Day Celebration on 30 June 2020. His motivation and guidance led the University to dedicate ANGIRA to the Teacher Education fraternity on 24 December 2020. ANGIRA is now functional initially with five courses for students for self-learning.

Talking about ANGIRA, Prof. Divya Sharma said, "Angira is a name of sage of vedic era, who had brought Gods' divine knowledge to the humankind. For IITE, ANGIRA is also an acronym of Academic Networked Global Instructional Resources for Academicians. It will offer an online platform for hosting the Teacher Education Programs. It is an opportunity to develop e-learning material for Teacher Education Programs that are offered at IITE. In the first phase IITE is offering the opportunity to created e learning material for the 2 Year B.Ed. and M.Ed."

She further said, "Developed on the lines of National level MOOC platform Swayam, ANGIRA is dedicated to platform for Teacher Education. We have started with five courses at the moment including Psychology of learner, Perspectives in Education, Curriculum Development Principles, General Padagogy for Mathematics & Science, and General Pedagogy for Social Science, Languages & Commerce."

She added, "Each e-learning module will be delivered in four quadrants including Video Lecture of 30 to 40 minutes, PPT or E-Text, Audio-Visual References, and Quiz for Assessment. At present, it is offered as a self-learning resource for the students. They just need to register and login to ANGIRA portal on angira.iite.ac.in to access the courses for free."

Sharing vision for ANGIRA, Hon. Vice-Chancellor of IITE Dr. Harshad Patel said, "Sage Angira can be a source of infinite inspiration. In the times of COVID-19 Pandemic, the classrooms without boundaries have proven its need like never before. We all are teacher educators and we are always having our unique methods of teaching of a specific topic or subject. I invite all the Teacher Educators to make the best use of ANGIRA platform and channelize their best practices of teaching in the never ending ocean of knowledge."

Dr. Patel added, "They can contribute videos in any language of their choice and we will process it to ensure that your best teachings reach to the millions of students looking for knowledge and understanding of a specific topic."

# ગણિતના શિક્ષક ફાધર વાલેસ ગુજરાતી કેવી રીતે શીખ્યા?



**- અર્ચના પટેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર , સેન્ટર ઑફ એજ્યુકેશન, IITE , ગાંધીનગર

ફાધર વાલેસને ભાષા પ્રત્યે લગાવ ઘણો હતો એટલે તેઓ ભાષામાં કામ કરવા માંગતા હતા પણ સંઘનો ઈરાદો તે ગણિતમાં કામ કરે તે હતો. આવી પરિસ્થિતિમાં જ્યારે ફાધર વાલેસને ખબર પડીકે ભારતમાં જઈને તેમણે ગુજરાતમાં કામ કરવાનું છે ત્યારે તેમણે એક દઢ સંકલ્પ કર્યો - ગુજરાતી શીખવાનો. પણ પહેલા તો તેમણે મદ્રાસની કૉલેજમાં ભણવાનું હતું. મદ્રાસમાં ભણતા હતા તે સમય દરમિયાન તેમણે એક અવલોકન કર્યું કે કૉલેજમાં ક્લાસના સમય દરમિયાન બધા જ શુદ્ધ અંગ્રેજી બોલે છે, પણ ક્લાસ પછી તેઓ તેમની તમિલ ભાષામાં વાત કરે છે. આ અવલોકને ફાધર વાલેસને એક વિચાર આપ્યો કે તેમનું કામ કેળવણી સાથે જોડાયેલું છે અને કેળવણીનું સાચું કામ કરવું હોય તો વ્યક્તિગત સંપર્ક, માર્ગદર્શન અને મિત્રતા ખૂબ જ જરૂરી છે. અને તે માતૃભાષા સિવાય શક્ય નથી. આ વિચારે તેમના ભાષા શીખવાના વિચારને વધુ દઢ કર્યો, ગુજરાતમાં જઈશ તો ગુજરાતી શીખીશ જ. અને અભ્યાસ બાદ તેમણે ભાષા શીખવાની શરૂઆત કરી.

જ્યારે ગુજરાતીની પહેલી બાળપોથી હાથમાં લીધી ત્યારે તે ૨૯ વર્ષના હતા. નાનપણમાં ભાષા શીખવાનો ઠીક અનુભવ તેમને હતો. કારણ કે તેમના પિતા તેમનું બાળક વધારે ભાષા શીખે તેવુ ઇચ્છતા હતા એટલે બાળપણમાં સ્પેનિશની સાથે તેઓ જર્મન ભાષા એટલા માટે શીખી શક્યા કારણ કે તેમને અભ્યાસ માટે જર્મન શાળામાં મૂકવામાં આવ્યા હતા - તો એક ફ્રેન્ચ શિક્ષિકા તેમને ફ્રેંચ શીખવવા ઘરે આવતાં. આમ તેઓ બાળપણથી જ બહુભાષી હતા. પણ તેઓ બખૂબી જાણતા હતા કે મોટી ઉંમરે ભાષા શીખવી ઘણી મુશ્કેલ છે. ભલેને બાળપણમાં તેઓ ઘણી ભાષા શીખ્યા હતા! તેઓ એ પણ જાણતા હતા કે તે બધી જ યુરોપિયન સંઘની ભાષાઓ હતી એટલે નજીકની અને મળતી આવતી, પણ ગુજરાતીમાં તો એક પણ શબ્દ કે ધાતુ કે લિપી કશું જ મળતું ન આવે! કોઈ અક્ષર ઉકેલી ન શકાય એવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો એટલે તેમણે ભાષા શીખવાની સૌપ્રથમ શરૂઆત કરી લખવાથી.

કશું જ ખબર ન પડે, અક્ષરો જુદા, પુષ્કળ ભૂલો પડે, દિવસો સુધીની મહેનત પછી અમુક જ અક્ષરને ઓળખી શકાય, બીજા ભૂલી જવાય! ખૂબ મુશ્કેલ કામ હતું એટલે તેઓ એક બાજુ શબ્દકોશ, એક બાજુ વ્યાકરણ, એક બાજુ પેન - કાગળ... એમ કરતા કરતા ગુજરાતી લખવાની શરૂઆત કરી, ગુજરાતી શીખવા માંડ્યું. આ ધીરજની કસોટી પછી તેઓ ગુજરાતી ભાષાના કેટલાક પાયાના સિદ્ધાંતો અને નિયમો ઠીક ઠીક પ્રમાણમાં શીખ્યા. પણ તેમને સમજાયું કે જ્યાં સુધી ભાષા બોલી નહીં શકાય ત્યાં સુધી આ બધું અધૂરું છે એટલે ભાષા બોલવાના મહાવરાની શોધમાં નીકળ્યા!

કોઈકના જણાવ્યા અનુસાર વલ્લભવિદ્યાનગર જઈ ભાઈકાકાને મળ્યા. અને પછી વલ્લભવિદ્યાનગરને જ ભાષા શીખવાનું ઠેકાણું બનાવ્યું. તેઓ હોસ્ટેલમાં રહ્યા અને વિદ્યાર્થીઓ સાથે વાતો કરતા. શરૂઆતમાં કશું જ સમજાતું નહીં! તેઓ ગુજરાતી વિષયના વર્ગો ભરતા, પાટણની પ્રભુતા અને કોકિલા નવલકથાઓ ભણતા. પણ ખૂબ જ મુશ્કેલીએ ભાષા શીખાતી. તેમની તપશ્ચર્યા વિશે વાત કરીએ તો રોજના ત્રણ કલાક તેઓ લખાણ દ્વારા ગુજરાતી ભાષા શીખવામાં આપતા. આ તો તેમનું સ્વઅધ્યયન. પછી તો આખો દિવસ ભાષા સાંભળવાનું અને ભણવાનું તો હોય જ.

તેમણે એક જગ્યાએ કહ્યું છે કે ભાષા અથવા તો કોઈ પણ વિષય શીખી રહ્યા હોઈએ ત્યારે એમાં એકાગ્રતા ખૂબ જરૂરી છે, અને ભાષા જેવા વિષય શીખતી વખતે તો શિસ્ત અને એકાગ્રતા ખૂબ અગત્યના છે. આ જ શિસ્ત અને એકાગ્રતાનું પાલન કરી તેઓ ગુજરાતી ભાષા શીખ્યા. હોસ્ટેલના ભાષા અભ્યાસ કરતા છોકરાઓ સાથે મિત્રતા થઈ પછી ક્યારેક તેઓ રૂઢિપ્રયોગનો અર્થ સમજાવતા, કહેવત કહેતા અને શબ્દકોશમાં ન મળે એવી ગાળો પણ સમજાવતા !

તેમણે એક જગ્યાએ કબૂલ્યું છે કે આ એક વર્ષ દરમિયાન તેમણે ગણિતનો અભ્યાસ જરા પણ નહોતો કર્યો. તે ગણિત ભણીને આવેલા અને ગણિત વિષય ભણાવવાના હતા. અહીં આવ્યા પછી તેમને ખબર પડી કે અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમમાં ભણાવવાનું છે. તેમ છતાં ગણિતનો અભ્યાસ ન કરતા માત્ર અને માત્ર ભાષાની તપશ્ચર્યા કરી. તેઓ માનતા હતા કે વચ્ચે જો કોઈ બીજી પ્રવૃત્તિ આવવા દઈએ તો ભાષાનો અભ્યાસ દબાઈ જશે. ભાષાના આ ક્ષેત્રમાં એક આખું વર્ષ ભાષાને સમર્પિત કર્યું. આ સમર્પણનું પરિણામ એક પ્રસંગ દ્વારા જાણી શકાય છે - કૉલેજ મેગેઝિન માટે લેખ મંગાવાયા હતા. તેમણે ગુજરાતીમાં લખવાનું વિચાર્યું. તેમણે એક લેખ ગુજરાતીમાં લખીને મોકલ્યો. એ લેખ કોકિલા નવલકથા વિશેનું વિવેચન હતું કે જે તેઓ ભણતા હતા. અને આ વિવેચન છપાયું!

તે વખતે ફાધર વાલેસને ક્યાં ખબર હતી કે કદાચ ગુજરાતમાં ગણિતના પ્રોફેસર તરીકે નહીં, પણ ગુજરાતી સાહિત્યકાર તરીકે તેઓ મોટી નામના મેળવવાના છે. વિદ્યાનગર છોડીને તેઓ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પાછા આવ્યા. એ એક વર્ષ તેમના જીવનની દિશા બદલી નાખનારું રહ્યું. આ ભાષાએ જ તેમને ગણિત ભણાવવામાં, ગણિતના પુસ્તકો લખવામાં, અને ગણિતના વિષયમાં નવી દિશાઓ ખોલવામાં અને એક સાચા સહૃદય શિક્ષક બનવામાં અકલ્પનિય ભાગ ભજવ્યો. તેઓ પણ તેમના શિક્ષકપણાના પાયામાં ગુજરાતી ભાષાનું પ્રદાન મોટું છે તેમ સ્વીકારે છે. એટલે જ તેમણે કહ્યું છે - 'ભાષાનું દાન એ સાચું જીવનદાન બન્યું.'
(સંદર્ભ : 'અનુભવ' - ફાધર વાલેસ)

# ભારતીય જ્ઞાન પરંપરાની પ્રજ્ઞાપીઠો

